**જનસંપર્ક અધીકારી દ્વારા**

**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**

**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**

**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

**તા.૨૯/૧૨/૨૦૧૪ સોમવાર**

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**<u>નશાબંધી અને જુગારધારા હેઠળ ઝડપાયાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૩૧૪૪/૧૪</u>**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૭ કેસ કરી ૫૬ વ્યક્તિઓને ઝડપી ૧૪૭ લીટર દેશી દારૂ, ૭૭૬ બોટલ ઈંગ્લીશ દારૂ, ૪૮૨ બિયર ટીન ૧ કાર કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૩ કેસ કરી ૧૨ વ્યક્તિઓને ઝડપી રૂપિયા ૪,૫૯૦/- અને જુગારનાં સાધનો કબજે કર્યા હતા.

**<u>તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૩૧૪૫/૧૪</u>**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૯૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી તેમજ પ્રોહિ ૯૩ મુજબ ૧૫ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૧ વ્યક્તિંની અટકાયત કરી હતી.

**<u>અપહરણ/બળાત્કારની ફરીયાદ :-</u>** **<u>સમાચાર યાદી નં. ૩૧૪૬/૧૪</u>**

**રામોલ :** રામોલ વિસ્તારમાં રહેતી ૧૭ વર્ષની તરૂણીએ તા.૨૮/૧૨/૧૪ નારોજ રામોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે આરોપી જાવેદમીયા રસુલમીયા પઠાણ (રહે.ગામઃ વાઘણા, તા.સિધ્ધપુર જી.પાટણ) એ તરૂણીનાં ફોન ઉપર તરૂણીનાં ભાઇને જાનથી મારી નાંખવાની ધમકી આપી, તરૂણીને તા.૨૨/૧૨/૧૪ કલાક ૯/૩૦ વાગ્યાના સુમારે રિંગ રોડ પાંજરાપોળ ખાતે બોલાવી, તરૂણીનું અપહરણ કરી રાજસ્થાન મંડાર તથા ઉનાવા ખાતે લઇ જઇ, તેની મરજી વિરૂધ્ધ શરીર સબંધ બાંધ્યો હતો. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી પી.આઇ.સોલંકી ચલાવે છે.

**<u>અપહરણઃ-</u>** **<u>સમાચાર યાદી નં. ૩૧૪૭/૧૪</u>**

**દાણીલીમડા :** નેહાબહેન દર્શનભાઇ મિયાત્રા (ઉ.વ.૧૪)(રહે.પરિક્ષીતલાલનગર, બહેરામપુરા દાણીલીમડા) ને તા.૨૭/૧૨/૧૪ કલાક ૩/૦૦ વાગ્યાના સુમારે ઘર નજીક રહેતો આરોપી હિતેષ કિશનભાઇ વાઘેલા ઘર નજીકથી લગ્ન કરવાની લાલચ આપી લલચાવી ફોસલાવી જારકર્મ કરવાના ઇરાદે ભગાડી લઈ ગયો છે. આ અંગેની ફરીયાદ નેહાબહેનના પિતા દર્શનભાઇ મિયાત્રાએ દાણીલીમડા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એમ.એસ.શેખ ચલાવે છે.

**માધવપુરા :** નિશાબહેન જશવંતભાઇ વાઘેલા (ઉ.વ.૧૫)(રહે.ચુનારાની ચાલી, વિમા યોજના દવાખાના, દરીયાપુર દરવાજા બહાર) ને તા.૨૭/૧૨/૧૪ કલાક ૭/૦૦ વાગ્યાના સુમારે ઘર નજીકથી આરોપી જીતુ લક્ષ્મણભાઇ નાડીયા (રહે.ભાર્ગવ રોડ, ચામુંડાનગર વિભાગ-૨, મેઘાણીનગર) લગ્ન કરવાની લાલચ આપી લલચાવી ફોસલાવી જારકર્મ કરવાના ઇરાદે ભગાડી લઈ ગયો છે. આ અંગેની ફરીયાદ નીશાબહેનના પિતા જશવંતભાઇ વાઘેલાએ માધવપુરા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એફ.એ.જોગલ ચલાવે છે.

**<u>ઘરફોડઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૩૧૪૮/૧૪</u>**

**ખોખરાઃ** નિલેશભાઈ સુરેશચંદ્ર શાહ (રહે.માધવ એપાર્ટમેન્ટ અંડરબ્રીજ પાસે મણીયાસા રોડ મણીનગર) એ ખોખરા પોલીસ સ્ટેશન ખાતે ફરિયાદ નોધાવી છે કે તા.૨૮/૧૨/૧૪ કલાક ૨/૦૦ થી ૮/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનની બારી વાટે અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોનાની ચેઈન કિમત રૂપિયા ૩૦,૦૦૦/- મોબાઈલ ફોન નંગ-૪, ઘડીયાળ અને રોકડ રૂપિયા ૧૫,૭૦૦/- મળી કુલ રૂપિયા ૫૬,૭૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર એમ ચૌહાણ ચલાવે છે.

**<u>વાહન અકસ્માતમાં મૃત્યુઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૩૧૪૯/૧૪</u>**

**રામોલ :** રાજદિપકુમાર શૈલેષકુમાર રાવત (રહે.ઇશ્વરકૃપા સોસાયટી, છગનભાઇની વાડી, અર્બુદાનગર, ઓઢવ) એ રામોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૮/૧૨/૧૪ સાંજના ૫/૪૫ વાગ્યાના સુમારે પોતાના કાકા ભરતભાઇ, પુત્ર મિહીર અને પત્ની મનીષાબહેન સાથે મોટર સાયકલ ચલાવી રામોલ રીંગ રોડ, બરોડા એક્સપ્રેસ બ્રીજ ઉપરથી પસાર થઈ  રહ્યા હતા ત્યારે અજાણ્યા ટ્રક ચાલકે ટ્રક બેદરકારીથી અને પુરઝડપે ચલાવી મોટર સાયકલને ટક્કર મારી હતી. આથી ભરતભાઇનાં પત્નિ મનીષાબહેનને ગંભીર ઈજાઓ થતાં તેમનું સ્થળ ઉપર મૃત્યુ નિપજ્યુ હતુ. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી ડી.કે.ગામેતી ચલાવે છે.

**નારણપુરા :** મહેન્દ્રભાઈ મંજીભાઈ સોલંકી (રહે.ભવાની ચાલી રામાપીરની ચાલી રામાપીરનો ટેકરો નવા વાડજ) એ નારણપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૭/૧૨/૧૪ બપોરના ૩/૦૦ વાગ્યાના સુમારે મહેન્દ્રભાઈના પિતા મંજીભાઈ, રામાપીરનો ટેકરો લક્ષ્મી સાડી સેન્ટર નામની દુકાન આગળથી પસાર થઈ રહ્યા હતા ત્યારે છોટાહાથી ગાડી નંબર જીજે ૧ સીવી ૨૪૦ ના ચાલકે ગાડી બેદરકારીથી અને પુરઝડપે ચલાવી મંજીભાઈને ટક્કર મારી હતી. આથી મંજીભાઈને ગંભીર ઈજાઓ થતાં હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી વાય એસ રાઓલ ચલાવે છે.

**<u>પાણીની ટાંકીમાં પડી જતા મૃત્યુઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૩૧૫૦/૧૪</u>**

**બાપુનગરઃ** રશ્મીનીભાઈ કંથારીયા (રહે.મંગલમ ફલેટ બાપુનગર) નો પુત્ર રૂધ્ધ (ઉ.વ.૯) તા.૨૮/૧૨/૧૪ બપોરના ૧/૦૦ વાગ્યાના સુમારે મંગલમ ફલેટની કોમન અંડર ગ્રાઉંન્ડ પાણીની ટાંકીમાં પડી જતા ગંભીર ઈજાઓ થતા સારવાર માટે સ્ટાર હોસ્પીટલમાં લઈ જતા ફરજ પરના ડોક્ટરશ્રીએ મૃત જાહેર કર્યો હતો. આ અંગે બાપુનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મસઈ શ્રી ઉમેદસિહ શિવસિહ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર
પોલીસ કમિશનર વતી.